ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૫-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### વક્તા અને પ્રવક્તાનો ડબલ રોલ!

વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા એક વર્ષથી અનેક મોરચે જંગે બહાદુર બની લડતા રહ્યા છે. અશ્વમેઘનો ઘોડો બાર મહિનામાં સોળ દેશોમાં ફળી વળ્યો છે. વિશ્વકક્ષાના નેતાને એકલું હિંદુસ્તાન સર કર્યે થોડો સંતોષ થાય? નરેન્દ્ર મોદીમાં એકવીસમી સદીનો સિકંદર ધૂણી રહ્યો છે. વિશ્વવિજય કરવાની ધૂનમાં એ પોતાના જ દેશમાં 'એનઆરઆઇ' બની ગયા છે. કોંગ્રેસ સહિત એમના વિરોધ કરનારાઓ એમણે સામે ચાલીને આવી ટીકા કરવાની તક આપી છે. જો કે એમના વધુ પડતા વિદેશ પ્રવાસો પાર્ટીના મૂળ માલિક અને મેનેજિંગ ટ્રસ્ટી જેવા લાલકૃષ્ણ અડવાણીને પણ કઠતા તો હોય જ, પણ હવે એમની જીભ પર તાળું લાગી ગયું છે. એમને હવે પછીની જિંદગી મોદીજીની મહેરબાની પર જીવવાની છે. બનવાજોગ કે બે-ત્રણ વર્ષ પછી એ પ્રણવ બાપુની રાષ્ટ્રપતિની ખુરશીમાં પણ ગોઠવાઇ જાય. આશા અમર છે. વિદેશમંત્રીનું પદ મળ્યું હોવા છતાં શ્રીમતી સુષમા સ્વરાજને વધુ પડતા વિદેશપ્રવાસ ગમતા હોય એવું લાગતું નથી. એથી તેઓ શક્ય હોય ત્યાં સુધી વડાપ્રધાનની વિદેશયાત્રામાં કંપની આપવાનું ટાળે છે. આથી વડાપ્રધાનને નાછૂટકે વડાપ્રધાન-કમ-વિદેશપ્રધાનના ડબલ રોલમાં કામ ખેંચવું પડે છે. જો કે પંડિત નહેરુના કડક ટીકાકાર એવા વર્તમાન વડાપ્રધાને પંડિત નહેરુની જ છવાઇ જવાની શૈલી અપનાવી છે. હવે તેઓ અંગ્રેજીમાં પણ ભાષણ આપી શકે છે. 'આરામ હરામ હૈ' વાળુ નેહરુનું જીવનસૂત્ર નરેન્દ્રભાઇએ આત્મસાત કર્યું હોઇ એ માંડ ચાર-પાંચ કલાકની જ ઊંઘ લે છે. યુવાનોને અને ઉદ્યોગસાહસિકોને મળે છે ત્યારે એ ખૂબ ખૂલે છે. તે વખતે પોતે વિદેશની ધરતી પર હોવાનું પણ વીસરી જાય છે અને આગળની સરકારો સામે પ્રહારો કરવા મંડી પડે છે. કોઇને તો વહેમ પણ જઇ શકે : મોદી સાહેબ ચીનમાં ચૂંટણી લડવાના છે કે શું ? ચીનમાં તો ત્યાંની સામ્યવાદી પાર્ટીનું એકચક્રી શાસન છે. એમ તો ભારતમાં લોકશાહી હોવા છતાં છેલ્લા એક વરસથી મોદીજીનું એકચક્રી શાસન જ ચાલે છે ને? વિરોધપક્ષો ગમે તેટલા ધમપછાડા ભલેને કરતા ફરે - 'હાથી ચલત હૈ અપની ગતમેં, કૂકર ભૂંકત વાકો ભૂંકવા દે!' મોદીજીની મુશ્કેલી એ છે કે વિદેશોમાં જઇને એમને વક્તા અને પ્રવક્તાનો ડબલરોલ - બેવડી જવાબદારી અદા કરવી પડે છે. દાખલા તરીકે હમણાં ચીનના મૂળ ભારતીયોની સભામાં એમણે દરેક ભારતીયોને પાંચ ચીનાઓને ભારતના પ્રવાસે મોકલવાની શિખામણ તો આપી જ; સાથે એમ પણ કહી દીધું કે એકાદ વરસ પહેલાં દુનિયામાં ભારતનો કોઇ ભાવ પૂછવા તૈયાર નહોતું. આજે જોઇ લો - આખી દુનિયામાં વટ પાડી દીધો છે ને! આ મંગોલિયા જેવો દેશ રવિવારના રજાના દિવસે મને સાંભળવા સંસદની ખાસ બેઠક બોલાવે છે, તે અમથી કે ? - મોદી સાહેબ પરાક્રમી જરુર છે, પરંતુ એમના દિગ્વિજયની જાહેરાત કરવા માટે વિદેશમંત્રી અથવા સરકારના પ્રવક્તા મંત્રીને પણ સાથે તેડી જતા હોત તો એમના શિરેથી અડધો બોજો હળવો થઇ જાય! તમે શું માનો છો?

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વેકેશન વિજ્ઞાન સંગ વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઉનાળુ વેકેશનમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમાજનો વિકાસ થાય તથા તે અંગેનું કૌશલ્ય ખીલે તે હેતુથી વિવિધ વિજ્ઞાન વિષયક કાર્યક્રમો યોજવામાં આવે છે. તાજેતરમાં પણ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'વેકેશન વિજ્ઞાન સંગ' કાર્યક્રમ અંતર્ગત તા. ૬ઠ્ઠી મે થી ૧૫મી મે દરમ્યાન સાયન્સ, વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં સવારના સમયે વિવિધ પ્રયોગો હાથ ધરી તાલીમ અને રાત્રે વિજ્ઞાન વિષયક ફિલ્મોનું પ્રદર્શન કરાયું હતું.

સાયન્સ વર્કશોપમાં શહેરની વિવિધ શાળાઓમાં ધો. ૫ થી ધો. ૧૦માં ભણતા આશરે ૬૦ બાળકોએ ભાગ લીધો હતો. વર્કશોપ દરમ્યાન બાળકોને વિવિધ તજજ્ઞો દ્વારા અવનવા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં રોકેટના વિવિધ મોડેલ બનાવવા, એરોપ્લેનના વિવિધ મોડેલ બનાવવા, ટેનગ્રામના ૩૦૦ જેટલા આકાર બનાવવા, ગણિતના જુદા જુદા ભૌમિતિક મોડેલ બનાવી તેને સમજવા, મેચસ્ટીક અને વાલ ટ્યુબમાંથી મોડેલ બનાવવા, કેલીડોસ્કોપ, પેરીસ્કોપ, ઈલેક્ટ્રોનિક્સ વર્કીંગ મોડેલ વગેરે બનાવા સબમરીનનો સિદ્ધાંત સમજવો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ અંગે વ્યાખ્યાન અને જાદુને લગતા પ્રયોગો તેમજ ફળોમાંથી ડીએનએ કાઢવુ, જુદી જુદી રમતો વડે તેની સમજ કેળવવી તથા કોમ્પ્યુટર ઓપરેટીંગ સીસ્ટમ અને મોબાઈલ એપ્સ વગેરે અંગે માર્ગદર્શન મેળવ્યુ હતુ. વર્કશોપના સમયગાળા દરમ્યા રોજ રાત્રે સાયન્સ સેન્ટર ખાતે વિવિધ સાયન્ટિફિક ફિલ્મો દર્શાવવામાં આવી હતી.





શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે **D-Space** ઈન્ટરનેશનલ કોન્ફરન્સ એન્ડ વર્કશોપનું આયોજન તા. ૧૬ અને ૧૭ મે ના રોજ **D-Space users club** અને પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના સંયુકત ઉપક્રમે થયું હતું.જેમાં ફીઝી નેશનલ યુનિવર્સિટી લાયબ્રેરિયન શ્રી સી.સી. જયસુંદરાએ બીજરૂપ વકતવ્ય આપ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ઈ.ડી.આઈ. ગાંધીનગરના લાયબ્રેરિયન શ્રી બી. ગણપતિ અને નિરમા યુનિવર્સિટીના શ્રી લલિથા પુલુછુ, ડૉ. વલજીભાઈ ઝાલા, એમઆઈસીએ અમદાવાદના લાયબ્રેરિયન અને શ્રી રાજેશ ચંદારકરના વકતવ્યો રજૂ થયા હતા. સાથે સાથે વિવિધ વકતાઓ દ્વારા શોધપત્રનું વાંચન થયું હતું અને ટેકનિકલ સેશન રજૂ થયું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી મણિભાઈ ચૌધરી સાહેબ, શ્રી હરિભાઈ ચૌધરી સાહેબ અને હોદ્દેદારો સંસ્થાના વડા પ્રિ.ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, લાયબ્રેરિયન અને સેમિનારના જોઈન્ટ સેક્રેટરી શ્રી પ્રકાશભાઈ ચૌધરી, સેમિનાર સહાયક આયોજક પીડીપીયુ ગાંધીનગરના લાયબ્રેરિયન શ્રી ભરતભાઈ ચૌધરી તથા કોલેજનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. વિવિધ સંસ્થાના લાયબ્રેરિયનોએ આ વર્કશોપનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દ્રષ્ટિ...



હવે, મોંગોલીયામાં કમાણી થાય એવું લાગે છે.. વીઝાની તપાસ તો કર...!!

**યુજીસી દ્વારા જાહેરનામુ બહાર પાડી જાહેરાત**

# કોલેજ વિદ્યાર્થીનાં ઓરીજનલ ડોક્યુમેન્ટ હવે નહીં રાખી શકે

અમદાવાદ, તા.૧૭

અત્યારે મોટાભાગની એન્ટ્રેસ એકઝામ પૂરી થઈ ગઈ છે. ત્યારે કોલેજોએ વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગ માટે બોલાવવાનું શરૂ કરી દીધુ છે. એવામાં કોલેજ ઘણી વખત સ્ટૂડન્ટસની એડમિશન સીટ પાક્કી કરવા માટે તેમના ઓપિજનલ ડોક્યુમેન્ટસ માંગે છે પરંતુ એવું કરવું જરૂરી નથી. યુજીસીની ગાઈડલાઈન્સ મુજબ તમારે કોઈપણ કોલેજને પોતાના ઓરિજનલ ડોક્યુમેન્ટસ આપવાની જરૂરત નથી. પ્રાપ્ત થતી માહિતી મુજબ યુનિવર્સિટીઝની રેગ્યુલેટરી બોડી અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ની ગાઈડલાઈન્સ મુજબ કોઈપણ સરકારી કે ખાનગી યુનિવર્સિટી વિદ્યાર્થીઓનાં ઓરિજનલ ફોર્મમાં ડોક્યુમેન્ટ ન રાખી શકે નહીં બધી કોલેજો માટે આ ગાઈડલાઈન ફરજીયાત છે. ત્યારે આ અંગે જાગૃતિ આવે તે માટે યુજીસીએ એક નોટિફિકેશન બહાર પડયુ છે. જેમાં કહેવાયું છે કે કમિશનનું માનવું છે કે, એડમિશન દરમિયાન સ્ટૂડન્ટસના ઓરિજનલ સર્ટિફિકેટસ રાખવાથી તે ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીઝ, કેન્ડિડેટસની બીજી કોલેજોમાં જવાની તકોને સીમિત થઈ જાય છે આ યુનિવર્સિટીઝને એવું કરવાનું મંજૂરી નથી. કોઈપણ યુનિવર્સિટી પોતાની પાસે ઓરિજનલ સ્કુલ કે ઈન્સ્ટિટયૂશન લીવિંગ સર્ટિફિકેટ, માર્ક શીટ, કાસ્ટ સર્ટિફિકેટ અને અન્ય ડોક્યુમેન્ટસ રાખી શકે નહીં હવે જયારે મોટાભાગની એન્ટ્રેસ એકઝામ પૂરી થઈ ગઈ છે તો કોલેજોએ સ્ટૂડન્ટસને કાઉન્સેલિંગ માટે બોલાવવાનું શરૂ કરી દીધું છે. એવામાં કોલેજ ઘણી વખત સ્ટૂડન્ટસની એડમિશન સીટ પાક્કી કરવા માટે તેમના ઓરિજનલ ડોક્યુમેન્ટસ માંગે છે પરંતુ એવું કરવું જરૂરી નથી. યુજીસીની ગાઈડલાઈન્સ મુજબ તમારે કોઈપણ કોલેજને પોતાના ઓરિજનલ ડોક્યુમેન્ટસ આપવાની જરૂરત નથી. ઉલ્લેખનીય છે કે કેટલીક કોલેજો દ્વારા વિદ્યાર્થીઓનાં એડમિશન કંફોર્મ કરવા માટે તેમની માર્કશીટ અને એલસી જેવા ઓરીજન ડોક્યુમેન્ટ માંગી લેવામાં આવે છે. જેથી વિદ્યાર્થી બીજે પ્રવેશ માટે અરજી કરી શકતો નથી. પરીણામે વિદ્યાર્થીઓ કોલેજોની આવી ચાલાકીનો ભોગ ન બને તે માટે યુનિવર્સિટી ગ્રાંટ કમિશન દ્વારા આ નોટિફિકશન બહાર પાડવામાં આવ્યું છે.

# રમણલાલ શ્રીમાળીના પ્રથમ કાવ્ય સંગ્રહ વાંસળીના સૂરનું વિમોચન યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સાહિત્ય સભા અને વિકાસ એજયુકેશન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા. ૧૭મી મે બુધવારે સાંજે ૪.૩૦ કલાકે અક્ષરના આરાધક કૃષ્ણ પ્રેમી રમણલાલ શ્રીમળીના પ્રથમ કાવ્ય સંગ્રહ 'વાંસળીના સૂર'નું વિમોચન યોજાશે. આ કાર્યક્રમ સે-૨૩માં સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાશે.

કાવ્ય સંગ્રહ વિમોચન પ્રસંગે સમારંભના અધ્યક્ષ પદે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા અને મુખ્ય મહેમાન ડૉ. દલપતસિંહ પઢિયાર ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત વિશેષ આમંત્રિત મહેમાન પદે સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી અને અતિથિ વિશેષ પદે ભરતભાઈ કવિ 'ઉર્મિલ' ઉપસ્થિત હેશે. કાર્યક્રમનું સંચાલન જયશ્રી ખેતિયા કરશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા નગરના સાત્યિ પ્રેમીઓને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગુજરાત મીડિયા કલબના નવમા સ્થાપના વર્ષ નિમિત્તે પત્રકારોને વિવિધ એવોર્ડથી સન્માનિત કરાયા

અમદાવાદ, તા.૧૭

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે લોકતંત્રમાં શિક્ષિત પ્રજાશકિતનું વિશેષ મહત્વ છે. નાગરિકો જેટલા જાગૃત અને શિક્ષિત હોય, લોકતંત્ર ચલાવવાની પ્રક્રિયામાં ભાગીદાર હોય તેટલું લોકતંત્ર વધુ સફળ બને છે આ માટે શાળા કોલેજોના શિક્ષણની સાથે સાથે નાગરિક શિક્ષણમાં મીડિયાની ભૂમિકા પણ એટલી જ મહત્વની છે એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત મીડિયા કલબના નવમા સ્થાપના વર્ષ નિમિત્તે પત્રકારોને એવોર્ડથી સન્માનિત કરવા ગઈકાલે અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે મીડિયાકર્મીઓ વાસ્તવમાં શિક્ષક હોય છે અને તેઓ સમાજ શિક્ષણનું કામ કરે છે. દરેક સમાજ સંવાદની અલગ અલગ રીતો અપનાવે છે તેમ મીડિયા પણ સંવાદની એક રીત છે અને તેનામાં સમાનજે જોડવાનું સામર્થ્ય છે.

સમાજમાં સકારાત્મક-રચનાત્મક વાતાવરણ ઉભું કરવા મીડિયાની જવાબદારીનો ઉલ્લેખ કરી રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે સમાજમાં અશિક્ષિત-નબળા વર્ગોના અધિકારોને અવાજ આપવો એ સમયની માંગ છે ત્યારે વંચિતોના વિકાસ માટે મીડિયાની સંવેદનશીલતા પણ એટલી જ મહત્વની છે. સાથે સાથે સમાજને પણ મીડિયા તરફથી ઘણી અપક્ષાઓ છે ત્યારે નિર્ભય-નિડર લોકતંત્રને વધુ સ્વસ્થ અને સશકત બનાવી શકશે એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત મીડિયા કલબ દ્વારા પત્રકારોને સન્માન તથા અન્ય કાર્યક્રમોના આયોજનને બિરદાવતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે આજના સમયમાં મીડિયાકર્મીઓ વધુ તણાવ અનુભવતા હોય છે ત્યારે આ પ્રકારના કાર્યક્રમો યોજીને મીડિયા કલબ એ મીડિયાકર્મી અને તેના પરિવારો વચ્ચે એક સેતુરૂપ છે. નવ વર્ષમાં ગુજરાત મીડિયા કલબે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે તે અભિનંદનીય છે એમ તેણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે ફોટો જર્નાલીસ્ટ અને ગુજરાત સમાચાર સાથે સંકળાયેલા શ્રી ઝવેરીલાલ મહેતાને 'લાઈફ ટાઈમ કોન્ટ્રીબ્યુશન ટુ જર્નાલિઝમ'થી સન્માનવામાં આવ્યા હતા. જયારે અન્ય કેટેગરીમાં બેસ્ટ ન્યુ રિપોર્ટ પ્રિન્ટ (ગુજરાતી) માટે નવ ગુજરાત સમયના શ્રી મનિષસિંહ રાઠોડ,



બેલ્ટના ન્યુ રિપોર્ટ પ્રિન્ટ (હિન્દી-ઈંગ્લીશ) માટે રાજસ્થાન પત્રિકાના શ્રી ઓમ પ્રકાશ શર્મા અને બેસ્ટ ટેલિવિઝન ન્યુઝ રિપોર્ટ ઓફ ધ ઈયર માટે સંદેશ ન્યુઝ ચેનલના શ્રી નરેન્દ્ર પેપરવાલાને એવોર્ડ તથા રોકડ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કલબના પૂર્વ પ્રમુખ શ્રી પ્રદીપ મલિક તથા નવા રચાયેલા પ્રમુખશ્રી વિરેન્દ્ર પંડિતે કલબની વેલ્ફેર એકિટવીટી તથા નવરાત્રી ગરબા ક્રિકેટ ટુર્નામેન્ટ હેલ્થ ચેક અપ તથા દેશની અન્ય મીડિયા કલબ સાથેની જોડાણની વિગતો આપી હતી.

આ પ્રસંગે જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. વાય.કે. અલઘ, ઓ.એન.જી.સી. અમદાવાદ એસેટસના એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી યશ મલિક, જીએમસીના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ કટાર લેખક પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ, ન્યુઝ પેપર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરેમેનશ્રી કિરણભાઈ વડોદરીયા, કલબના હોદ્દેદારો, પત્રકારો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# કોઇપણ વ્યક્તિની એટલે કે સ્રી અને પુરુષની લગ્ન કરવા સંદર્ભેની ઉંમર એ કાયદા દ્વારા નક્કી કરવામાં આવી છે અને છતાં દરેક અલગ-અલગ સમાજમાં પોતાની પ્રથા મુજબ બાળલગ્ન થાય છે!

નાનીવયના બાળકોના થતા લગ્ન એ બાબતે આપણે ચર્ચા કરી રહયા હતા. હમણાં જ રાજસ્થાનથી આવેલ એક દંપતીને મળવાનું થયું. એ દંપતી રાજસ્થાનના એક અંતરિયાળ ગામડામાં જઈને આવી રહયા હતા. આ દંપતી જે વાત કરી તેની વિગત જોઈએ તો,

રાજસ્થાનના અંતરિયાળ ગામડામાં આ દંપતી ગયા હતા. જે મંદિરે ગયા હતા તે સંદર્ભે જોઈએ તો, મંદિરના પટાંગણમાં નાની ઉંમરના વર-કન્યા મંદિરમાં પગે લાગવા આવતા હતા. અવનવા પોશાકમાં સજ થયેલા બાળવયના વરરાજા અને બાળવયની દુલ્હનની વેશભૂસા અંગે તેઓ વર્ણન કરી રહયા હતા. વાત કરનાર સુરેખાબેન દુલ્હન અને વરરાજાના વેશભૂસાનું અદભૂત વર્ણન કરવામાં તલ્લીન હતા. તેઓની વાત કરવાનો હેતુ એ નાની વયના વર કન્યા કેવા દેખાતા હોય, તેઓના વાલીઓ કેવા પ્રકારનું વર્તન કરતા હતા. તથા એવી બધી સામાન્ય બાબતો અંગે તેઓ વાત કરતા હતા. પરંતુ મને જે વાતનો સ્પર્શ થયો તે - બાળલગ્ન અને આટલા મોટા પ્રમાણમાં જાહેરમાં થતા બાળલગ્નો એ સંદર્ભે હું વિચારતી થઈ.

કોઈપણ વ્યકિતની એટલે કે સ્ત્રી અને પુરુષની લગ્ન કરવા સંદર્ભેની ઉમર એ કાયદા દ્વારા નક્કી કરવામાં આવી છે અને છતાં દરેક અલગ-અલગ સમાજમાં પોતાની પ્રથા મુજબ બાળલગ્ન થાય છે. આ બાળલગ્નો શા માટે અટકાવવાની જરૂર છે તે બાબત પણ વિચાર માંગી લે તેવી છે. જો ઉદાહરણથી જ વાત કહું તો,

નીલા અને શીલા બંને બહેનો હાલમાં યુવાન થઈ છે. આ બંને ભાઈઓના લગ્ન પોતાના જ જ્ઞાતિના પરીવારમાં નાનીવયમાં જ કરી નાખવામાં આવ્યા છે. બંને બહેનોના લગ્ન એક જ ઘરમાં થયા છે. નીલા અને શીલા ગામડામાં જ રહે છે. પરંતુ નાનપણથી જ બંને બહેનો ખૂબ જ હોશિયાર. તેથી ભલે ગામડામાં રહયા નાના એવા ગામની શાળામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. શાળાકીય પ્રવૃતિમાં બંને બહેનોના નામ મોખરે જ રહેતા. શાળાની બાળસભા હોય કે વકતૃત્વ સ્પર્ધા હોય શીલા અને નીલાનું જ નામ આગળ ચાલે. વિવિધ રમત ગમતો માં પણ પહેલો કે બીજો નંબર હંમેશા જાળવી રાખે. ગામ નાનું હતુ પરંતુ શાળાના શિક્ષક પોતાના શાળાના બાળકોમાં ખૂબ ઉંડો રસ દાખવતા અને આને કારણે શાળામાં ભણતર અને વિવિધ પ્રવૃતિઓ ખૂબ સારી રીતે ચાલતી હતી. પ્રાથમિક અભ્યાસ પૂરો કર્યા બાદ હાઈસ્કૂલમાં જઉ કે કેમ તે બાબતે ઘરમાં ખૂબ ચર્ચા વિચારણાઓ થઈ. નીલા અને શીલાના પિતા પ્રાથમિક રીતે દિકરીઓને ગામડાની બહાર




હાઈસ્કૂલમાં અભ્યાસ અર્થે મોકલવા માંગતા ન હતા. મોટા ઘરોમાં જે ચર્ચા જોવા મળે છે કે દિકરીને તો લગ્ન કરીને સાસરે જ રહેવાનું છે. તેથી લખતા વાંચતા આવડી ગયું છે અને પ્રાથમિક શિક્ષણ પુરુ થયું છે તેવા સંજોગોમાં ભણવા જવાની જરૂર નથી.

નીલા અને શીલાનું લગ્ન તેઓનું પ્રાથમિક શિક્ષણ ચાલુ હતું તે દરમિયાન થઈ ગયેલ. બંને બહેનો મન મક્કમ કરીને આગળ ભણવા માંગતી હતી. અત્રે એ ઉલ્લેખ કરુ કે નાનીવયમાં લગ્ન કરવામાં આવે પરંતુ દિકરી નાની હોવાને કારણે સાસરે રહેવા જવાનું હોતું નથી. હજુ આજે પણ કેટલીક જગ્યાએ ભભઘોડીયા લગ્નભભ (ખૂબ ઓછા પ્રમાણમાં) પરંતુ થાય છે ખરા. કહેવાનો અર્થ એ છે કે આવા નાની વયના થયેલા લગ્નોમાં પણ દિકરીને સાસરે તો અઢાર વર્ષની થાય ત્યારે જ વળાવવામાં આવે છે. જો કે આ દરમિયાન વાર-તહેવાર કે પ્રસંગોપાત અરસપરસ એકબીજાને ઘરે જવાનું બનતું હોય છે. નીલા અને શીલા પ્રાથમિક શિક્ષણ પુરુ કરે છે ત્યારે અઢાર વર્ષની થઈ નથી અને તેથી બંને દિકરીઓ પોતાની માતાને આગળ ભણાવવા ખૂબ વિનંતી કરે છે.

દિકરીઓની વાત માને ગળે ઉતરી જાય છે. એવું લાગે છે કે બંને સ્ત્રીઓ છે અને તેથી દિકરીઓની હઠ પાસે માતા ઝૂકી જાય છે. માતા પોતાના પતિને આ બાબતે સંમત કરવાનું નક્કી કરે છે. નીલા અને શીલાની માતા અંતે પોતાની દિકરીઓ સંદર્ભેના નિર્ણયમાં પોતાના પતિની સાથે સંમતિ સાધી શકે છે.

નીલા અને શીલા હવે પોતાના ગામથી નજીકના જ ગામે હાઈસ્કૂલમાં ભણવા જાય છે. સાઈકલ ઉપર પોતાના ગામડે થી બાજુના ગામમાં જવું, પોતાની સાથેની કિશોરીઓ સાથે આનંદ કિલ્લોલ કરવો અને સાથે સાથે અભ્યાસમાં આગળ વધવું એમ કરતા કરતા સમય તો પસાર થતો જાય છે. કોઈપણ વ્યકિતના જીવનમાં શિક્ષણ ખૂબ મોટો ભાગ ભજવે છે. હજુ હમણાં જ અમોને વિજાણું પ્રચાર માધ્યમમાં એક જાહેર ચર્ચામાં સ્ત્રીઓ પરના અત્યાચાર અને તેમાં પણ ખાસ પ્રકારના અત્યાચાર દૂર કરવા સંદર્ભે સવાલ પૂછવામાં આવ્યા એ ચર્ચા ખૂબ લાંબી ચાલી. પરંતુ આ ચર્ચામાં સામેલ તમામ લોકો અંતે કબુલ થયા કે સ્ત્રી જાગૃતિ સંદર્ભે સ્ત્રી શિક્ષણ અનિવાર્ય છે. દરેક વ્યકિતની પોતાની આત્મ જાગૃતિ જ વ્યકિતગત મજબૂતી આપવા પ્રેરકબળ બને છે. ફરીથી નીલા અને શીલાની વાત કરીએ તો નીલા અને શીલાના ભણતર દરમિયાન જ સાસરે જવાનો સમય આવી પહોંચ્યો.

નીલા અને શીલા જીદ લઈને બેઠા કે અમો સાસરે જવા માંગતા નથી. ઘરમાં ખૂબ જ આ બાબતે કજિયા કંકાસ થયા. ગામના આગેવાન પાસે પણ બધા ગયા. દિકરીઓ તો એક જ જીદ લઈને બેઠી હતી કે સાસરે મોકલશો તો સારું પરિણામ નહીં આવે. શું કારણ હતું કે નીલા અને શીલા સાસરે જવા માંગતા ન હતા?

નીલા અને શીલાના જે વ્યકિતઓ સાથે લગ્ન થયા હતા તે રમેશ અને સુરેશ બંને મજૂરી કામ કરતા હતા. બંને ભણેલા ન હતા. નીલા અને શીલાને જયારે જયારે રમેશ અને સુરેશને મળવાનું થયેલું ત્યારે આ બંને બહેનોને એમ જ થતું કે આની સાથે જીવન કેમ જશે? રમેશ અને સુરેશના ઘરના સભ્યોની વિચારસરણી પણ સંકુચિત લાગતી. આ બંને બહેનોના અભ્યાસ બાબતે ખૂબ જ રોકટોક અને મેણાંટોણાં થોડીક ક્ષણો મળ્યા હોય તેમાં પણ સાંભળવા પડેલા. બંને બહેનોને એમ થતું કે માણસ ખબર અંતર પુછે, સારી વાત કરે અને એ વાતને અંતે આનંદ ઉભો થાય પરંતુ આ નીલા અને શીલાને રમેશ અને સુરેશને મળ્યા પછી આનંદ ને બદલે ખૂબ જ દુઃખ જ લાગતું. આ દુઃખનું કારણ એ બંને ભાઈઓને નીલા અને શીલાના ભણતર અંગે ખૂબ જ વાંધો વ્યકત થતો તે હતું. આ દિકરીઓને એમ પણ થતું કે ભણેલા હોવાને કારણે મેણાં સાંભળવા તે કેટલા અંશે વ્યાજબી છે.

બંને દિકરીઓના જીદ પાસે માતાપિતાએ જુકવું પડયું. શીલા અને નીલાના માતાપિતા ગામના સરપંચ અને આગેવાનોને પણ મળ્યા. છેવટે કુટુંબ સલાહ કેન્દ્ર અને સામાજિક કાર્યકર પાસે જવાનું નક્કી થયું. આ લોકોની જ્ઞાતિમાં થયેલા બાળલગ્ન અંગે વાંધો ઉભો થવાનો આ વિસ્તારનો પહેલા પ્રશ્ન હતો. નીલા અને શીલાએ આખરે શું નક્કી કર્યું? રમેશ અને સુરેશ છુટાછેડા માટે સંમત થયા? આ આખા પ્રશ્નમાં બાળલગ્ન કેટલા અંશે જવાબદાર ગણી શકાય.... બાળલગ્ન, સામાજિક અસરો અને તેની શિક્ષાત્મક જોગવાઈઓ સાથે મળીએ આવતા અંકે...